* A A Q - 0 0 1 - 0 0 1 2 1 9 *

**AAQ-001-001219** Seat No. ________

# First Year B. A. (Sem. II) (CBCS) Examination

**April / May – 2016**

## Gujarati - Core

*('આજ અંધાર ખુશ્બો ભર્યો લાગતો')*

**(New Course)**

**Faculty Code : 001**
**Subject Code : 001219**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (૧) પ્રશ્ન નં. ૧ MCQ પ્રશ્નોના જવાબ ઉત્તરવહીમાં જ લખવાના રહેશે. જે વિભાગ - ૧ હશે.
(૨) પ્રશ્ન નં. ૨ થી ૫નો વિભાગ - ૨માં સમાવેશ કરેલ છે.
(૩) જમણી બાજુના અંક જે તે પ્રશ્નના ગુણ દર્શાવે છે.
(૪) બધા જ પ્રશ્નો ફરજિયાત છે.

### વિભાગ - ૧

૧ નીચેના પ્રશ્નોના આપેલ ચાર વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો : **૨૦**

(૧) પ્રહલાદ પારેખનો જન્મ કઈ સાલમાં થયો હતો ?

(A) ૧૯૧૧ (B) ૧૯૧૨
(C) ૧૯૧૦ (D) ૧૯૧૩

(૨) પ્રહલાદ પારેખનો જન્મ ક્યાં થયો હતો ?

(A) જામનગર (B) ભાવનગર
(C) દામનગર (D) સુરેન્દ્રનગર

(૩) 'આજ અંધાર ખુશ્બો ભર્યો લાગતો' કાવ્યસંગ્રહનું સંપાદન કોણે કર્યું છે ?

(A) ઉમાશંકર જોશી (B) સુરેશ જોશી
(C) વિનોદ જોશી (D) રમણલાલ જોશી

(૪) 'આજ અંધાર ખુશ્બો ભર્યો લાગતો' સંગ્રહમાંથી કેટલા કાવ્યો અભ્યાસક્રમમાં નિયત થયા છે ?

(A) ૧૫ (B) ૨૫
(C) ૩૦ (D) ૨૦

(૫) 'આજ અંધાર ખુશ્બો ભર્યો લાગતો' સંગ્રહનું શીર્ષક કયા કાવ્યની પંક્તિ ઉપરથી લેવામાં આવ્યું છે ?

(A) આજ (B) બારી બહાર

(C) વાતો (D) વિદાય

(૬) પ્રહલાદ પારેખના કાવ્યોની મુખ્ય ઓળખ કઈ છે ?

(A) આદર્શવાદિતા (B) સૌંદર્યાભિમુખતા

(C) વાસ્તવવાદિતા (D) ગ્રામાભિમુખતા

(૭) 'આજ અંધાર ખુશ્બો ભર્યો લાગતો,

આજ સૌરભભરી રાત સારી'. પંક્તિમાં કયો છંદ પ્રયોજાયો છે ?

(A) શિખરિણી (B) અનુષ્ટુપ

(C) ઝૂલણા (D) વસંતતિલકા

(૮) 'આજ અંધાર ખુશ્બો ભર્યો લાગતો' કાવ્યસંગ્રહના કાવ્યોમાં કયો અલંકાર સૌથી વધુ પ્રયોજાયો છે ?

(A) ઉપમા (B) શબ્દાનુપ્રાસ

(C) વર્ણાનુપ્રાસ (D) રૂપક

(૯) 'પ્રહલાદ પારેખની કવિતા આંખ, નાક અને કાનની કવિતા છે.' આ વિધાન કોણ બોલે છે ?

(A) બળવંતરાય ઠાકોર (B) ઉમાશંકર જોશી

(C) રમેશ પારેખ (D) વિનોદ જોશી

(૧૦) 'ચિત્ત જે નિત્ય આનંદને કલ્પતું,

આવિયો તે થઈ સૂરભિ-પૂર ?' - આ પંક્તિ કયા કાવ્યની છે ?

(A) બારી બહાર (B) આજ

(C) જૂઈ (D) ઘાસ અને હું

(૧૧) 'બારી બહાર' કાવ્યમાં કાવ્ય નાયકને કોણ આવકારે છે ?

(A) મિત્રો (B) પ્રકૃતિ

(C) પ્રિયતમા (D) પત્ની

(૧૨) 'એકલું' કાવ્યમાં કાવ્યનાયકને શેનો પાર નથી ?

(A) વૈભવનો (B) આશાનો

(C) શ્રદ્ધાનો (D) યશનો

(૧૩) 'ના બારી, ના ઘર મહીં રહું,

જાઉં એ સર્વ સાથ' - આ પંક્તિ કયા કાવ્યની છે ?

(A) બારી બહાર (B) વાતો

(C) ઘાસ અને હું (D) બનાવટી ફૂલોને

(૧૪) 'સૂર્યોદય' કાવ્યનો પ્રકાર કયો છે ?

(A) સૉનેટ (B) ખંડકાવ્ય

(C) ગીત (D) ગઝલ

(૧૫) 'સાચું જીવન અને સાચી કૃતાર્થતા સૌંદર્યમાં નહીં સમર્પણમાં વસે છે.' એમ કયા કાવ્યમાં કહેવાયું છે ?

(A) બારી બહાર (B) જૂઈ

(C) બનાવટી ફૂલોને (D) ચાંદરણાં

(૧૬) 'જૂઈ' કાવ્યમાં જૂઈનું ફૂલ કોની સાથે સંતાકૂકડી રમે છે ?

(A) વરસાદ (B) તડકો

(C) પવન (D) અંધકાર

(૧૭) 'મળે અધિક ઉજળા દિન અને મીઠી રાતડી,

જજે સકલ તો ભૂલી રજનીને દિનો આપણાં' - આ પંક્તિ કયા કાવ્યમાંથી લેવામાં આવી છે ?

(A) વાતો (B) અબોલડા

(C) ચાંદરણાં (D) વિદાય

(૧૮) 'છેલ્લી પૂજા' કાવ્યમાં સુંદરી પૂજા કરવા શાની સામગ્રી લઈને જાય છે ?

(A) નૃત્યની (B) સંગીતની

(C) ફૂલોની (D) આરતીની

(૧૯) 'ચાંદરણાં' કાવ્યમાં કાવ્યનાયકને ક્યાંથી સુગંધ આવે છે ?

(A) ઓસરીમાં (B) ઘરમાં

(C) ફળિયામાં (D) ખેતરમાં

(૨૦) 'થાય છે મારી નજર જાણે હરણ, ને રહે છે ઠેકતી એ ઘાસમાં' - આ પંક્તિ કયા કાવ્યની છે ?

(A) ઘાસ અને હું (B) આજ

(C) વિદાય (D) વાતો

## વિભાગ - ૨

૨ નીચેનામાંથી કોઈ પણ એકનો ઉત્તર લખો : ૧૦

(૧) 'આજ અંધાર ખુશ્બો ભર્યો લાગતો'ના કાવ્યોને લક્ષમાં લઈ પ્રહલાદ પારેખની સિદ્ધિઓ અને મર્યાદાઓ જણાવો.

(૨) ''પ્રહલાદ પારેખની કવિતા, આંખ, નાક અને કાનની કવિતા છે.'' - ઉમાશંકર જોશીના પ્રસ્તુત વિધાનને આધારે પ્રહલાદ પારેખનું સમગ્રદર્શી મૂલ્યાંકન કરો.

૩ નીચેનામાંથી કોઈ પણ એકનો ઉત્તર લખો : ૧૦

(૧) 'આજ અંધાર ખુશ્બો ભર્યો લાગતો'માં પ્રકૃતિ નિરૂપણ.

(૨) 'આજ અંધાર ખુશ્બો ભર્યો લાગતો'માં પ્રતિક - કલ્પન.

૪ (અ) કોઈ પણ એક વિશે ટૂંક નોંધ લખો : ૮

(૧) 'વિદાય' કાવ્યનું રસદર્શન કરો.

(૨) 'બનાવટી ફૂલોને' કાવ્યની સમીક્ષા કરો.

(બ) કોઈ પણ એક વિશે ટૂંક નોંધ લખો : ૮

(૧) 'આજ અંધાર ખુશ્બો ભર્યો લાગતો'માં પ્રણય કાવ્યો.

(૨) 'આજ અંધાર ખુશ્બો ભર્યો લાગતો'માં ગીતો.

૫ ટૂંકમાં ઉત્તર લખો : (કોઈ પણ બે) ૧૪

(૧) 'બારી બહાર' કાવ્યની સમીક્ષા કરો.

(૨) 'વાતો' કાવ્યનું રસદર્શન કરો.

(૩) 'આજ અંધાર ખુશ્બો ભર્યો લાગતો'માં કાવ્યશૈલી.

(૪) 'આજ અંધાર ખુશ્બો ભર્યો લાગતો'ના સૉનેટ કાવ્યો.

---